# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-09-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMIT SHAH START UP

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે બે દિવસની સ્ટાર્ટ-અપ પરિષદનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે સંબોધન કરતાં , શ્રી શાહે કહ્યું, દેશમાં ગત એક દાયકામાં સ્ટાર્ટ-અપ ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે , જેના પરિણામે ભારત આજે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટ-અપ માળખું બન્યું છે. શ્રી શાહે સ્ટાર્ટ-અપ વ્યવસ્થાને નવા ભારતની કરોડરજ્જૂ સમાન ગણાવી. તેમણે આગામી ત્રણ વર્ષમાં યુવાશક્તિના બળ પર ભારત વૈશ્વિક નવિનતા સૂચિમાં ટોચના 10 દેશમાં સ્થાન પામશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

(બાઈટઃ અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

શ્રી શાહે કહ્યું, દેશમાં ગત 11 વર્ષમાં સ્ટાર્ટ—અપની સંખ્યામાં વધારા સાથે નાના શહેર સુધી અને સમાજના વિવિધ વર્ગ સુધી સ્ટાર્ટઅપની પહોંચ સુનિશ્ચિત થઈ છે. તેમણે કહ્યું, દેશમાં 10 વર્ષમાં 17 લાખ 90 હજારથી વધુ લોકોને સ્ટાર્ટઅપ દ્વારા રોજગારી મળી છે. આ પ્રસંગે શ્રી શાહે ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓને યુવા સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરવા હાકલ કરી અને યુવા ઉદ્યોગ—સાહસિકોને કૃષિ, પ્રવાસન સહિતના ક્ષેત્રમાં સ્ટાર્ટ-અપ શરૂ કરવા અનુરોધ કર્યો.

(બાઈટઃ અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

રાજ્યમાં સ્ટાર્ટ-અપ ક્ષેત્રે લેવાયેલા પગલાને આવકારતા તેમણે કહ્યું , 16 હજાર સ્ટાર્ટ-અપ સાથે ગુજરાત આજે દેશમાં અગ્રણી છે. તેમણે દેશના અન્ય રાજ્યોને ગુજરાતનું આઈ-હબ મૉડેલ અપનાવવા પણ સૂચન કર્યું.

આ પ્રસંગે શ્રી શાહે શિક્ષણ વિભાગ દ્વારા વિકસાવેલા રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ડૅશબૉર્ડનો શુભારંભ કર્યો. કાર્યક્રમમાં 75 સ્ટાર્ટ-અપના પ્રેરણાદાયી પ્રવાસ અંગેના કૉફી ટેબલ બૂક અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંગેના બે પ્રકાશનનું પણ વિમોચન કરાયું. આ પ્રસંગે મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં સ્ટાર્ટઅપ્સ, રોકાણકારો અને નાણાકીય સંસ્થાઓ વચ્ચે વિવિધ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાયા હતાં.

. . . . .

# AMIT SHAH VAVOL

આ પહેલા શ્રી શાહ ગાંધીનગરના વાવોલ ખાતે ઇફ્કો દ્વારા "એક પેડ માઁ કે નામ" અભિયાન હેઠળ યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. હવે પછી શ્રી શાહ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નાખવામાં આવેલી નવી ટ્રન્ક લાઈન તેમજ ગાંધીનગર લોકસભાના ગટર અને પાણીના પ્રશ્નો અંગે ગાંધીનગરમાં બેઠક યોજશે. ત્યારબાદ તેઓ કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોર દ્વારા શરૂ કરાયેલા "પ્રસાદમ્" હરતા ફરતા ભોજનરથનું લોકાર્પણ કરશે. બાદમાં તેઓ કલોલ નગરપાલિકા દ્વારા નવનિર્મિત જ્યોતેશ્વર તળાવનું લોકાર્પણ અને વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. પછી તેઓ કલોલ નગરપાલિકા વિસ્તારના વિવિધ વિકાસલક્ષી કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. ઉપરાંત શ્રી શાહ માણસામાં વિવિધ કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેશે.

. . . .

# MEHSANA UNAVA APMC

મહેસાણાની ઉનાવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- APMCમાં કપાસની આવક થઈ રહી છે. નવરાત્રિના પહેલા દિવસે જ કપાસની 224 મણની આવક નોંધાઈ. દરમિયાન હરાજીમાં કપાસનો પ્રતિ 20 કિલોએ સૌથી ઊંચો ભાવ એક હજાર 701 રૂપિયા અને ઓછો ભાવ એક હજાર એક રૂપિયા રહ્યો. માર્કેટ યાર્ડમાં વિવિધ ગામમાંથી ખેડૂતો કપાસના વેચાણ માટે આવી રહ્યા છે.

. .

# BOTAD YOGASAN

બોટાદનાં ફ્રાતિમા હિરાણી યોગાસન ક્ષેત્રે રાષ્ટ્રીય વિજેતા બન્યાં છે. હવે તેઓ દેશનું પ્રતિનિધિત્વ કરવા વિએતનામ વિશ્વ યોગ સ્પર્ધામાં ભાગ લેશે. સામાન્ય પરિવારનાં આ ખેલાડીમાં શૈક્ષણિક કાર્ય સાથે યોગ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે.

ગત 12 વર્ષથી તેઓ અનેક સ્પર્ધામાં વિજેતા બન્યાં છે. તેમાં નવ વખત રાષ્ટ્રીય વિજેતા , સાત વખત આંતર-રાષ્ટ્રીય વિજેતા , ચાર જેટલા રાષ્ટ્રીય પુરસ્કારનો સમાવેશ થાય છે. સાથે જ તેમણે 17 સુવર્ણ , સાત રજત અને પાંચ કાંસ્ય ચંદ્રક જીત્યા છે. સાથે જ 27 જેટલા યોગા વિજયચિહ્ન મેળવ્યા છે.

. . .

# NAVRATRI

આસ્થા અને ઉત્સાહ સાથે રાજ્યભરમાં આદ્યશક્તિની આરાધનાનાં પાવન પર્વ નવરાત્રિનો ગઇકાલથી પ્રારંભ થતાં જ શેરીઓ અને પાર્ટીપ્લોટમાં ખેલૈયાઓ રમઝટ બોલાવી રહ્યા છે. ત્યારે ગાંધીનગરમાં કેસરિયા ગરબાનો રંગારંગ શુભારંભ થયો છે. પ્રથમ નોરતે ધારાસભ્ય સહિત મહાનગરપાલિકાના પદાધિકારીઓએ માઁ અંબાની આરાધના કરી હતી. સાબરકાંઠા જિલ્લામાં પ્રાચીન ગરબાની ઢબ હજૂ પણ જોવા મળી રહી છે. પ્રથમ નોરતે મહિલાઓ , બાળકો અને યુવાનો પરંપરાગત ગરબે રમ્યા હતા. ખેડા જિલ્લાના મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉમટી પડ્યા અને ગરબાની રમઝટથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. દરમિયાન ભાવનગરના

તળાજાના નવી કામળોલ ગામમાં નવરાત્રિમાં નાટકોની પરંપરા જળવાઈ રહી છે. પ્રથમ દિવસે અમરસિંહ રાઠોડ નાટક ભજવવામાં આવ્યું હતું.

. . . .

# MEHSANA CONFERENCE

મહેસાણાની ગણપત વિશ્વવિદ્યાલયમાં ઑફલાઈન સામૂદાયિક વિજ્ઞાન સંચાર અને સુરક્ષા- C.O.M.S વિષય પર છઠ્ઠી આંતર-રાષ્ટ્રીય પરિષદ યોજાઈ. તેમાં 15 દેશના 225થી વધુ પ્રતિનિધિ જોડાયા હતા. દરમિયાન શિક્ષણવિદ્ , વૈજ્ઞાનિકો અને સંશોધકોએ સાયબર સુરક્ષામાં સંશોધનને પ્રોત્સાહન આપવા અંગેની વાત કરી હતી.

. . . .

# WEATHER FORECAST

હવામાન ખાતાએ આજે ભરૂચ , સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરા અને નગરહવેલી સહિતના જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદ અને અમદાવાદમાં હળવા વરસાદની આગાહી કરી છે. દરમિયાન ગાજવીજ સાથે 30-થી 40 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. જોકે , 24 કલાકમાં અન્ય જિલ્લાઓમાંથી ચોમાસું વિદાય લે તેવી શક્યતા હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

. . . . . . . .